Are planted, *v. t.* (આર્ પ્લૅન્ટેડ્) રોપવામાં આવેછે.
In great numbers, (ઇન ગ્રેટ નમ્બર્ઝ) સંખ્યાબંધ.
Means, *n.* (મીન્સ) સાધનો.
Furnishing, *n.* (ફર્નિશિંગ) પુરૂં પાડવાના.
Supply, *n.* (સપ્લાઇ) જથ્થો. [Silk, *n.* (સિલ્ક) રેસમ.]
Cocoa, *n.* (કોકો) નાળિએરી.
Palmyra, *see p.* 9. [Palms, *n.* (પામ્ઝ) તાડો.]
Common, *a.* (કૉમન) સાધારણ.

હિંદુસ્તાનનાં જંગલોમાં પુષ્કળ ઇમારતનાં લાકડાંનાં ઝાડોછે, જેમાં સાગ એ સર્વેથી ઉપયોગીછે. 'સાલ' એ એક ઊંચું અને કિંમતી ઇમારતનાં લાકડાંનું ઝાડછે. સુખડ, અબનુસ, અને બીજાં કિંમતી અને સુંદર લાકડાં વારેઘડીએ ઘણાંજ જથ્થાબંધ મળી આવેછે. વડનાં ઝાડો, રૂનાં ઝાડો, સીસમનાં ઝાડો, આંબા તથા આમલીનાં ઝાડો, અને બીજાં સુંદર તથા ઊપયોગી ઝાડો, એડાયલાં દેશમાં પથરાઇ ગયલાંછે.

સુગંધી પીળાં ફુલ સાથનું બાવળ અથવા અરબ્બી ગુંદરનું ઝાડ, જંગલો અને મેદાનો એ બન્નેમાં જથ્થાબંધ ઉગેછે. બે જાતના બાવળો અને બીજાં ભાતભાતના ફુલનાં ઝાડો પુષ્કળ ઉગેછે. હિંદુસ્તાનમાં સેંહેંતૂરનાં ઝાડો સંખ્યાબંધ રોપવામાં આવેછે, જે (ઝાડો) રેસમનો એક મોટો જથ્થો પુરો પાડવાના

સાધનોછે. નાળિએરી, તાડ, અને બીજાં ખજુરીનાં ઝાડો સાધારણછે.

LESSON XXIV. (પાઠ ૨૪ મો.)

The Cocoanut Tree. નાળિએરી.

Cocoanut, *n.* (કોકોનટ) નાળિએર.
Cocoa-Palm, *n.* (કોકો-પામ) નાળિએરી.
Yields, *v. t.* (યલ્ડઝ) આપેછે. [Nut, *n.* (નટ) ફળ.]
Filled, *p. p.* (ફિલ્ડ્) ભરેલું. [Milky, *a.* (મિલ્કિ) દુધજેવું.]
Fluid, *n.* (ફ્લુઇડ) પ્રવાહી પદાર્થ.
Lined, *p. p.* (લાંઇન્ડ) પડ—અસ્તર કીધેલું.
Thick, *a.* (થિક) જાડું; ઘટ્ટ. (*Thin*) નું ઊલટું.
Coating, *n.* (કોટિંગ્) પડ.
Kernel, *n.* (કર્નેલ) કોપરૂં. [Food, *see p.* 13.]
On account of, (ઑન ઍકાંઉન્ટ ઑફ) લીધે; માટે; વાસ્તે.
Oil, *n.* (ઑઇલ) તેલ.
(Is) manufactured, *v. t.* (મૅન્યુફૅક્ચર્ડ) બનાવવામાં આવેછે.
Vast extent, (વાસ્ટ એક્સ્ટેન્ટ) અતિઘણું; પુષ્કળ.
Shell, *n.* (શેલ) કોટલું.
(Is) used, *v. t.* (યૂઝ્ડ) ઉપયોગમાં આવેછે.
Pipe-bowls, *n.* (પાઇપ-બોલ્ઝ) હુક્કાની નળીઓ.
Universal, *a.* (યુનિવર્સલ) સાધારણ. [Husk, *n.* (હસ્ક) છલતું.
Coir, *n.* (કૅાયર) દોરડું બનાવવાનો કાથો.

(Is) enveloped, *v. t.* (એન્વેલપ્ડ) વિંટળાયલું છે; ઢંકાયલું છે.
(Is) composed, *v. t.* (કમ્પોઝડ) બનેલું છે.
Fibres, *n.* (ફાઇબર્સ) સાકા;દોરા. [Form, *v. t.*(ફૉર્મ) બનેછે.]
Cordage, *n.* (કોર્ડેજ) દોરડું; દોરી; રસી.
Cable, *see p.*35. [Capable, *a.* (કેપેબલ) લાયક; યોગ્ય.]
Employed, *p. p.* (એમ્પ્લૉયડ) કામમાં આવ્યું.
Carpenter's, *n.* (કારપેન્ટર્સ) સુતારનું. [Work, *n.* (ઉવર્ક) [કામ.
Peculiarly, *ad.* (પિક્યુલિઅર્લિ) સરસ રિતે.
Is adapted, *v. t.* (ઇઝ ઍડૅપ્ટેડ) લાયક કીધેલું છે.
Pipe, *p.* 66. [Conveying, *p. pr.* (કન્વેઇંગ) લઇ જવાને.]
Beams, *p.* 47. [Light, *a.* હલકું.] (*Heavy*) નું ઉલટું.
Broad, *a.* (બ્રૉડ) પોહોળું. (*Narrow*) નું ઉલટું.
Wooden, *a.* (ઉડન) લાકડાંના.
Bridges, *n.* (બ્રિજિઝ) પુલો.
Purpose, *p.* 64. [Length, *n.* (લેન્ગ્થ) લંબાઇ.]
Is required, *v. t.* (ઇઝ રિક્વાયર્ડ) જોઇએછે.
Strength, *n.* (સ્ટ્રેન્ગ્થ) જોર; મજબુતાઇ.

નાળિએરી એ એક દુધ જેવી પ્રવાહી પદાર્થથી ભરેલું, અને કોપરાંના જાડાં પડથી અસતર થયલું ફળ આપેછે. એ ફળ ખોરાક અને તેમાંથી જે પુષ્કળ તેલ કાહાડવામાં આવેછે તે બન્નેને માટે ઉપયોગીછે તેનું કોટલું પ્યાલાં, ઉકાની નળીઓ, અને બીજાં વાસણો કે જેમાના કેટલાંક સાધારણ ઉપયોગમાં આવેછે, તે બનાવવાના કામમાં આવેછે. તેનું જાડું છલતું જે ને કાથો કહેછે, જેમાં એ ફળ વિંટળાયલું હોયછે, તે સાકાનુ

બનેલુંછે, જે (સાકા) નું કિંમતી દોરડું તથા વાહાણનું સર્વેથી સરસ જાતનું દોરડું બનેછે. નાળિએરીનું લાકડું જોકે સુતારનાં કામમાં આવવાને લાયક નથી, તોપણ પાણી લઇ જવાની પણા-ળો, પોહોળા પણ હલકા લાકડાંના પુલો માટે ભારવટિયાં, અને બીજાં કામો જયાં મજબુતાઇ કરતાં લંબાઇ વધારે જોઇએછે, ત્યાં એ સરસ રીતે લાયકનુંછે.

LESSON XXV. (પાઠ ૨૫ મો.)

Bamboo, *n.* (બામ્બુ) વાંસ; બાંબુ.
Hollow, *a.* (હૉલો) પોકળ. (*Solid*) નું ઉલટું.
Strong, *a.* (સ્ટ્રૉન્ગ) મજબુત.
Almost, *ad.* (ઑાલ્મોસ્ટ) અકસર; ઘણુંકરીને.
Generally, *ad.* (જેનરલિ) સાધારણ રીતે.
Varieties, *n.* (વેરાયટિઝ) જાતો.
Size, *n.* (સાઇઝ) કદ. [Equally, *ad.* (ઇકવલિ) એક સરખી રીતે.
Fit, *a.* (ફિટ) લાયક. [Lance, *n.* (લૅન્સ) ભાલો.]
Soldier, *n.* (સોલ્જર) સિપાઇ.
Pole, *n.* (પોલ) લાકડી. [Tent, *n.* (ટેન્ટ) તંબુ.]
Mast, *n.* (માસ્ટ) કાઠી.
Sustains, *v. t.* (સસ્ટેન્ઝ) રાખેછે; નિભાવેછે.
Ensign, *n.* (એન્સાંઇન) વાવટો; નિશાન
Chief, *n.* સરદાર. [Ordinary, *a.* (ઑર્ડિનરિ) સાધારણ.]
Staff, *n.* (સ્ટાફ) લાકડી; સોટો. *Staves,* બહુવચન.

Peasant, *n.* (પેઝન્ટ) ખેડુત; કુણબી.
Rafter, *n.* (રાફ્ટર) પેઢિયું; ભારવટિયો; સાટકો.
Cottage, *n.* (કૉટેજ) ઝુપડી.
Scaffolding, *n.* (સ્કૅફોલ્ડિંગ) પાલક-પરાંચ કામ.
Is composed, *p.* 83. [Kept together, (કેપ્ટ ટુગેધર)
Ropes, *n.* (રોપ્સ) દોરડાં. [સાથે રાખવામાં આવેછે.
Instead of, *prep.* (ઇન્સ્ટેડ ઑફ) બદલે.
Nails, *p.* 67. [Split, *p. p.* (સ્પ્લિટ) કાપવા—ચીરવામાં
Flexible, *a.* (ફ્લેક્સિબલ) વળી—મરડાઈ શકે એવું. [આવેછે.
Adapts, *v. t.* (ઍડૅપ્ટ્સ) લાયક કરેછે.
Baskets, *n.* (બાસ્કેટ્સ) ટોપલીઓ.
Innumerable, *a.* (ઇન્યુમરેબલ) સંખ્યાબંધ; બેસુમાર.
Across, *ad.* (ઍક્રૉસ) આડું. [Joints, *n.* (જૉઇન્ટસ) સાંધા.]
Bottle, *n.* (બૉટલ) બાટલી.
Liquors, *n.* (લિકર્સ) જુદી જુદી જાતના દારૂ.
Brab-tree, *n.* (બ્રૅબ-ટ્રી) તાડની જાતનું એક ઝાડ.
Manner, *n.* (મૅનર) રીત.
Leaves, *n.* (લીવ્ઝ) પાંદડાં. (*Leaf*) એનો એકવચન.
Thatch, *n.* (થૅચ) બાવલીનું છાપરૂં.
Walls, *n.* (વૉલ્ઝ) દિવાલો.
Sap, *n.* (સૅપ) રસ (ઝાડનો). [Yields, *see p.* 47.]
Supplies, *v. t.* (સપ્લાઇઝ) પુરૂં પાડેછે.
Proportion, *n.* (પ્રોપોર્શન) ભાગ; જશ્થો.
Spirituous, *a.* (સ્પિરીચુઅસ) જલદ; કેફ લાવનારૂં.

Consumed, *p. p.* (કન્ઝુમ્ડ) ખપમાં આવ્યું; વપરાયું.
Betel, *n.* (બીટલ) સોપારી. [Sago, *n.* (સેગો) સાબુ ચોખા.]
Produce, *n.* (પ્રૉડયુસ) પેદાસ.

જે પ્રમાણે નાળિએરી ઉપયોગીછે તેજ પ્રમાણે બાંબુ પોકળ, હલકો, અને મજબુત હોવાથી ઘણું કરીને સાધારણ રીતે ઉપયોગીછે. તેના જુદાં જુદાં કદને લીધે તે સીપાઇના ભાલાને, તેના તંબુની લાકડીને, અથવા તેના સરદારનો વાવટો નીભાવનારી કાઠીને, તથા ખેડુતના સાધારણ સોટાને, અથવા તેની ઝુપડીનાં પેઢયાંને એક સરખી રીતે લાયક થાયછે. હિંદુસ્તાનમાં સઘળું પરાંચકામ બાંબુથી કરવામાં આવેછે, જે (બાંબુઓ) ને ખીલાને બદલે દોરડાંથી (બાંધી) સાથે રાખવામાં આવેછે. જ્યારે ચીરેછે ત્યારે તેની લાંબી અને વળી શકે એવી ચાંપો ટોપલીઓને, સાદડીઓને, અને બીજાં સંખ્યાબંધ કામોને લાયક થાયછે; અને જ્યારે સાંધા આગળથી આડો કાપવામાં આવેછે, ત્યારે તેની બાતલી થાયછે, જે તેલ, દુધ, અને જુદી જુદી જાતના દારૂ માટે વારેઘડીએ કામમાં આવેછે. તાડનું લાકડું નાળિએરીનાં લાકડાં માફક ઉપયોગમાં આવેછે; તેના પાંદડાં છાપરાં અને ઝુપડીઓની દિવાલોને માટે પણ કામમાં આવેછે; અને જ્યારે કાપેછે ત્યારે તેમાંથી જે રસ નિકળેછે તે, હિંદુસ્તાનમાં ખપતા જલદ દારૂનો એક મોટો જથ્થો પુરો પાડેછે. સોપારી અને સાબુ ચોખા એ બિજી જાતના તાડની પેદાસોછે.

LESSON XXVI. (પાઠ ૨૬ મો.)

Try Again. ફરીથી કોશેશ કરો.

Try, *v. i.* (ટ્રાઇ) કોશેશ કરવી. [Kite, *n.* (કાઇટ) પતંગ.]
Lift, *n.* (લિફ્ટ્) ઉંચકી આપવું તે.
Nephew, *n.* (નેવ્યુ) ભતરીજો. *Niece,* (નીસ્) ભત્રીજી.
In vain, *ad.* ફોકટ; વ્યર્થ. [Dragging, *p. n.* (ડ્રૅગિંગ્)
Ground, *n.* (ગ્રાઉન્ડ) જમીન. [ઘસડીને; ખેંચીને.
Lucy, *n.* (લુસિ) છોકરીનું નામછે.
Kindly, *ad.* (કાઇન્ડલિ) ખુશીથી.
Neglecting, *p. pr.* (નિગ્લેકટિંગ) ભુલીજતાં; ગફલત કરતાં.
Moment, *n.* (મોમેન્ટ) પળ; વખત.
Awkward, *a.* (ઑાકઉવર્ડ) અપટ; અનાડી.
Fellow, *n.* (ફેલો) છોકરો. [Fault, *see p.* 32.]
Entirely, *ad.* (એન્ટાયર્લિ) તદ્દન; તમામ; સઘળો.
Answered, *v. t.* (ઍન્સર્ડ) જવાબ દીધો; બોલી; કહ્યું.
Children, *p.* 70. [Too great, *a.* (ટૂ ગ્રેટ્) ઘણીજ; અતિ-
Hurry, *n.* (હરિ) ઉતાવળ; ઝડપ. [શય.
Suddenly, *ad.* (સડન્લિ) એકાએક; અચાનક.
Twitched, *v. t.* (ટ્વિચ્ડ) ખેંચી લીધું.
Fell flat, (ફેલ ફ્લેટ) ખેડું પડયું.
Blame, *v. i.* (બ્લેમ) ઠપકો દેવો. [Asked, પુછયું.]
Care, *n.* (કૅર) સંભાળ [Side-wind, *n.* (સાઇડ-ઉવિન્ડ) બા-
(Was) blown, *v. t.* (બ્લોન) પવનથી ઘસડાયું. [જુનો પવન.

Shrubs, *n.* (શ્રબ્ઝ) ઝાડીઓ.
Tail, *n.* (ટેલ) પુછડી. *Tale* (ટેલ) વાર્તા.
Got entangled, (ગૉટ એન્ટૅન્ગલ્ડ) ગુંચવાઇ ગઇ.
Leaving, *p. pr.* (લીવિંગ) રાખીને; રેહેવા દેઇને.
Hanging, *a.* (હૅન્ગિંગ) લટકતું. [*wards* નું ઉલટું
Downwards, *ad.* (ડાઉન-વર્ડ્ઝ) નીચે; જમીન તરફ. *Up*
Exclaimed, *v. i.* (એક્સ્ક્લેમ્ડ) બોલી ઉઠયો.
Throwing, *n.* (થ્રોઇંગ) ફેંકવાથી. [Straight, *p.* 57.]
Meantime, *n.* (મીન્ટાઇમ) તરતજ; એટલામાં.
Assistance, *n.* (ઍસીસ્ટંસ) મદદ.
Disengaged, *p. p.* (ડિસ્એન્ગેજડ) છુટી પાડી.
Rolled up, *v. t.* (રોલ્ડ અપ) વિંટાળી દીધી.
Open, *a.* (ઓપન) ખુલ્લી. [Space, *n.* (સ્પેસ) જગ્યા.]
Presently, *ad.* (પ્રેઝંટલિ) તુરત.
Nice, *a.* (નાઇસ) સારી; સોજી. [Grass, *a.* (ગ્રાસ) ઘા-
Plot, *n.* (પ્લૉટ) જમીનનો કકડો. [સથી ભરેલો.
Stand, *n.* (સ્ટૅન્ડ) ઉભું રેહેવાની જગ્યા. Took my stand,
Prepared, *p. p.* (પ્રિપૅર્ડ) તૈયાર કરીને. [ઉભી રહી.
Tossed up, *v. t.* (ટૉસ્ડ અપ) ઉંચે નાખ્યું—ફેંક્યું.
Just as, *ad.* (જસ્ટ ઍઝ) જેવો.
Rose, *v. i.* (રોઝ) ઉડયું; ચઢયું; *n.* ગુલાબ.
Dignity, *n.* (ડિગ્નિટિ) ભપકો; દબદબો.
Balloon, *n.* (બૅલૂન) વિમાન.
Promised, *v. t.* (પ્રૉમિસ્ડ) કોલ જણાવ્યું.

Lofty, *a.* (લૉફ્ટિ) ઉંચે. *Loftiness,* (લૉફ્ટિનેસ) નામ.

Flight, *n.* (ફ્લાઇટ) ઉડ. *Flight of stairs,* દાદરના પગથ્યાં.

John, *n.* (જૉન) પુરૂષનું નામ. [Delighted, *p. p.* (ડિ-

Pulling, *p. pr.* (પુલિંગ) ખેંચતાં. [લાઇટેડ) ખુશી થવાથી.

String, *n.* (સ્ટ્રિન્ગ) દોરી.

Stopped short, (સ્ટૉપ્ડ શૉર્ટ) એકદમ ઉભો રહયો.

Upwards, *ad.* (અપ્વર્ડ્ઝ) ઊંચે; ઉપર.

Admire, *v. i.* (ઍડમાયર) અજબ થવું. *Admiration,*

Slackened, *v.i.* (સ્લૅકન્ડ) ઢીલી પડી ગઈ. [(ઍડમિરેશન) નામ.

Tottered, *v. i.* (ટૉટર્ડ) ગોડખાધી; ઝોકા ખાધા.

Favourable, *a.* (ફેવરેબ્લ) માફકસર; સારો. *Not favourable,* એનો એક બોલ Unfavourable (અન્ફેવરેબ્લ).

Won't, (વોન્ટ). Would not એ શબ્દોને જાવતમાં લખવાની રીત: કરવું—હોવું—થવું નહીં. I won't try, હું કોશેશ નહીં કરવાનો.

Any more, *ad.* (ઍનિ મૉર) વધારે. [Replied, *see p.* 74.]

Sullenly, *ad.* (સલન્લિ) ચિરડાઇને; ગુસ્સે થઇને.

(To be) plagued, *v. t.* (પ્લેગ્ડ) માથું દુઃખવાને: *n.* મરકી.

Any longer, *see* Any more. [Fie, *interj.* (ફાઇ)

Give up, *v. t.* છોડી-મુકી દેવું. [છટ; છિટ.

Sport, *n.* (સ્પૉર્ટ) રમત; ગમત.

Pains, *n.* (પેન્ઝ) મેહેનત; શ્રમ. *Panes* ?

Disappointments, *v. t.* (ડિસ્અપૉઇન્ટમેન્ટસ્) નાસુરાદી.

Discourage, *v. t.* (ડિસ્કરેજ) નાહિંમત કરવું.

Wind up, *v. t.* (ઉવાંઇન્ડ અપ) વિટાળો.
Succeeded, *v. i.* (સકસીડેડ) ફત્તેહ પામ્યો. *Success* (સક [સેસ) નામ.
Breeze, *n.* (બ્રીઝ) પવનની લેહેરી.
Lightly, *ad.* (લાઇટ્લિ) હલકી રીતે.
Feather, *n.* (ફેધર) પીછું. [Was all out, સઘળી પુરી થઇ.]
Delight, *n.* (ડિલાઇટ) ખુશી.
Holding, *p. pr.* (હોલ્ડિંગ) પકડીને.
Fast, *ad.* (ફાસ્ટ) મજબુત; જોરથી. [Stick, *n.* (સ્ટિક) [લાકડી.
Gazing, *p. pr.* (ગેઝિન્ગ) તાકીને જોતો.
Speck, *n.* (સ્પેક) દાઘ; ધાબું.
Team, *n.* (ટીમ) ઘોડાની જોડ (એકની આગળ એક એવી).
Hardly, *ad.* (હાર્ડ્લિ) મુશકેલીથી; મહા શકિતથી.
Mile, *n.* (માઇલ) અડધો ગાઉ.
A mile of string, અડધા ગાઉ જેટલી લાંબી દોરી.
Enjoying, *p. pr.* (એન્જૉઇંગ) ભોગવીને.
Sight, *n.* (સાઇટ) દેખાવ. *Sightless* (સાઇટલેસ) આંધળું.
Proceeded, *v. i.* (પ્રોસીડેડ) માંડયું (કામ).
Slowly, *ad.* (સ્લોલિ) ધીમે ધીમે. (*Quickly*) નું ઉલટું.
Glee, *n.* (ગ્લી) હર્ષ; ખુશી; આનંદ.
Was hurt, *v. t.* (ઉવૉઝ હર્ટ) નુકશાન થયું.
(Had) behaved, *v. i.* (બિહેવ્ડ) ચકયું; ચાલ્યું.
To-morrow, *n.* (ટુમૉરો) આવતી કાળ. *Yesterday*, [(યસ્ટર્ડે) ગઇ કાળ.
Objection, *n.* (ઑબ્જેકશન) હરકત.
Weather, *see p.* 58. [Morning, *see p.* 48.]

Properly, *ad.* (પ્રૉપર્લિ) બરોબર રીતે.
Thank, *v. t.* (ઠૅન્ક) ઉપકાર માનવો.
Long ago, (લૉન્ગ અગો) ઘણા વખતનું; કયારનું.
(Had) persuaded, *v. t.* (પર્સુએડેડ) સમજાવ્યું.
Teach, *v. t.* (ટીચ) શિકવવું. [Value, *n.* (વૅલ્યુ) કિમ્મત.]
Perseverance, *n.* (પર્સેવીયરન્સ) ખંત રાખી પાછળ મંડવું તે.
Depends, *v. i.* (ડિપેન્ડઝ) આધાર રાખેછે.
Fail, *p.* 4. [Attempts, *n.* (ઍટેમ્પ્ટ્સ) કોશિશો.]
Motto, *n.* (મૉટો) કેહેવત.

મારા ન્હાના ભતરીજાએ પતંગને જમીન ઉપર ઘસડીને ઉરાડવાની ફોકટ કોશિશ કીધા બાદ પોતાની બેહેનને કહયું, "તમે મારો પતંગ ઊંચકી ઉરાડી આપશો?" લુસિએ ઘણી ખુશી સાથે તે ઉંચકયો, અને તેને હવામાં ફેંકયો, પણ તેણીનો ભાઈ તેજ વખતે દોડવાને ભુલી ગયો, તેથી પતંગ પાછો નીચે પડયો.

તે ન્હાના છોકરાએ કહ્યું, "અરે રે તમે કેવા અનાડી છો!" તેની બેહેને જવાબ દીધો, "એ સઘળો વાંક તમારો હતો."

મેં કહયું, "છોકરાંઓ ફરીથી કોશિશ કરો," અને લુસિએ એકવાર પાછો પતંગ ઉંચકયો, પણ આ વેળા જૉન ઘણોજ ઉતાવળો થયો: તે એટલો તો એકાએક દોડી ગયો, કે તેનાથી તેણીના હાથમાંનો પતંગ ખેંચી લેવાયો, જેથી તે આગળની પેઠે નીચે બેઠો પડયો.

લુસિએ પુછ્યું, "કેમ હવે કોણને ઠપકો દેવો?" મેં કહયું, "ફરીથી કોશિશ કરો."

તેઓએ (કોશિશ) કીધી, અને તે વધારે સંભાળથી (કીધી); પણ જેવો લુસિએ પતંગ છોડયો તેવામાં એકાએક બાજુનો પવન આવ્યાથી તે કેટલીએક ઝાડી તરફ ઘસડાઇ ગયો, જેથી તરતજ પુછડી ગુંચવાઈ ગઇ, અને તે બિચારો પતંગ ઉંધે મસ્તક લટકતો રહયો.

જૉન બોલી ઊઠયો, "જોવો ! જોવો ! એ સઘળું તમે તેને એકજ બાજુએ ફેંકયાથી બન્યું." લુસિએ કહયું, "જાણે હું પવનને સીધો ફુકાવવાને શકતિવાન હોઉં !"

એટલામાં હું તે પતંગની મદદે ગઇ, અને તેની લાંબી પુછડી જે ગુંચવાઈ હતી તે કાહાડીને મેં વિટાળી અને કહયું, "ચાલો છોકરાંઓ હઇમાં પુષ્કળ ઝાડો છે; આપણે એક વધારે ખુલ્લી જગ્યા શોધીએ, અને ફરીથી કોશિશ કરીએ."

તરતજ હમોને એક સારી ઘાસ વાળી જગ્યા મળી, જેની એક બોરદુએ હું ઉભી; અને સંધું તૈયાર થવા બાદ જેવો ન્હાનો જૉન દોડયો તેવોજ મેં પતંગને ઉંચે ઉરાડયો. તે એક વિમાનના દબદબાની માફક ઊપર ચડયો, અને ઊંચે ઊડશે એવું ડોલ જણાવ્યું; પણ તે પતંગની દોરી એટલીતો તણાતી હતી, કે જૉન તે જાગી ખુશી થવાથી ઊંચે જોવાને અને તાજુબ થવાને એકદમ ઉભો રહયો:—(એટલામાં) દોરી ઢીલી થઇ પડી, પતંગ ગોઠ ખાવા લાગો, અને પવન સારો ન હોવાથી તે પતંગ ઘાસપર નીચે આવી પડયો.

મેં કહયું, "અરે જૉન તમને ઉભું રેહેવું નહીં જોઇતું હતું; તોપણ ફરીથી કોશિશ કરો."

તે જરા ચિરડાઈને બોલ્યો, "હું વધારે વાર કોશિશ કર-

વાનો નથી, તમે જુવોછોકે તે કાંઇ કામનું નથી. પતંગ ઉડવાનો નથી, અને હું તેની સાથ (હવે) વધારેવાર માથું ફોડવા માંગતો નથી."

"અરે છટ્ મારા ન્હાના માણસ! શું આપણે પતંગ બનાવવાને અને તે ચકાવવાને આટલી બધી મેહેનત કીધા પછી તે રમત તમે છોડી દેશો? આપણને થોડીએક નામુરાદીથી નાહિમ્મત થવું નહીં જોઇએ. ચાલો, તમારી દોરી વિંટાલો, અને હવે ફરીથી કોશેશ કરો."

તેણે કોશેશ કીધી, અને તેમાં તે ફત્તેહ પામ્યો, કારણકે તે પતંગ એક પીછાંની માફક હલકી રીતે પવનની લેહેંકી ઉપર ઊંચે ગયો; અને જ્યારે સઘળી દોરી પુરી થઇ, ત્યારે જૉન તે દોરીની ચીપ જોરથી પકડીને તે પતંગ જે આસમાની આકાશમાં એક ન્હાનાં સફેદ ધાબાં જેવો દીસ્તો હતો, તે જોતો ઘણો ખુશાળીમાં ઉભો રહયો. "જુવો, જુવો! કાકી, તે કેવો ઊંચે ઉડેછે! અને તે ઘોડાની જોડની માફક ખેંચેછે, જેથી હું તે મુશકેળીથી પકડી શકુંછું. હું ઇચ્છું છું કે મારી પાસે એક માઇલ જેટલી લાંબી દોરી હોત તો સારૂં થાત. હું ખચીત છું કે તેના છેડા સુધી તે જાત."

પોતાની મરજીમાં આવ્યું ત્યાંસુધી તે દેખાવ ભોગવ્યા પછી ન્હાના જૉને ધીમે ધીમે દોરી લપેટવા માડી; અને જયારે પતંગ નીચે પડયો, ત્યારે તેણે તે ઘણા આનંદથી ઉપાડી લીધો, અને બોલ્યો કે તેને કાંઇ પણ નુકશાન પોહોંચ્યું ન હતું, અને તે ઘણી સારી રીતે ચકયો. "કાકી, કાળે વડો પુરો થયા પછી બાહેર આવીને ફરીને કોશેશ કરીશું?"

મારા વ્યારા, જો હવા સારી હશે તો મને કાંઇ હરકત

નથી. અને હવે આપણે ઘર જઇએ છીએ તેટલાં રસ્તે ચાલતાં મને કહો કે તમે તમારી સહવારની રમતથી શું શિકયા ?"

"હું મારો પતંગ બરોબર ચકાવતાં શિકયો." લુસિ બોલી, "ભાઇ, એ માટે તમારે કાકીનો ઉપકાર માનવો, કારણ કે જો તેણીએ તમને ફરીથી કોશેશ કરવાને સમજાવ્યા ન હોત, તો તમે તે કયારની છોડી દીધી હોત."

"હા મારાં પ્યારાંબચ્ચાં એક પતંગ ચકાવવાના કરતાં જયાં રે બિજું કાંઇ પણ વધારે તેની ઉપર આધાર રાખતું નથી, તોબી ખંત રાખી પાછળ લાગવાની કિમ્મત હું તમુને શિકવવાને ચાહું છું. જયારેબી કાંઇ સારી ચીજ કરવાની કોશેશોમાં તમે નિષ્ફળ થાઓ, ત્યારે "ફરીથી કોશેશ કરો," એ તમારી કેહેવત ઠરી ગણજો.

LESSON XXVII. (પાઠ ૨૭ મો.)

The Child's First Grief.

બચ્ચાંનું પેહેલું દુઃખ.

Grief, *n.* (ગ્રીફ) દુઃખ; દલગીરી.
Call, *v. t.* (કૉલ) બોલાવો. [Play, *v. i.* (પ્લે) રમવું.]
Alone, *ad.* (અલોન) એકલો. [Summer, *n.* (સમર) ઉનાળો.]
Flower, *n.* (ફ્લૉર) એમ હંઇ ઉચ્ચાર થાયછે : ફુલ.
Bee, *n.* (બી) મધમાખ.
Run wild, (રન ઉવાઇલ્ડ) પુષ્કળ-બેહદ ઉગેછે.
Sowed, *v. t.* (સોડ્) રોપ્યાં; વાવ્યાં.
Garden, *a.* (ગાર્ડન) બાગના. [Tree, *n.* (ટ્રી) ઝાડ.]

Vine, *n.* (વાંઇન્) દ્રાક્ષનો વેલો. *Wine?*
Is drooping, *v. i.* (ઇઝ ડ્રૂપિંગ) ઝુમાઈ પડેછે.
Load, *n.* (લોડ) બોજો. [Voice, *n.* (વૉઇસ) અવાજ.]
Fair, *a.* (ફેર) ખુબસુરત: *n.* જાત્રા; મેળો.
Smiled, *v. t.* (સ્માઇલ્ડ) હસ્યું.
Thoult,(ધાઉલ્ટ).Thou wilt, એ શબ્દોને જાવતમાં લખેલાછે.
Rose's, *n.* (રોઝિઝ) ગુલાબની.
Brief, *a.* (બ્રીફ) ટુંકી. [Unto, *prep.* (અન્ટુ) માં.]
Heaven, *n.* (હેવ્ન) બેહેસ્ત; સ્વર્ગ. *Haven?*
Birds, *n.* (બર્ડ્ઝ) પક્ષિઓ. Hours, *n.* (અવર્ઝ) કલાકો.]
Brook, (બ્રુક) નાળાં; ઝરા.
Glade, *n.* (ગ્લેડ) જંગલો; મેદાનો.
Wanderings, *n.* (ઉવૉન્ડરિંગ્ઝ) ભટકવાનું-રખડવાનું તે.
O'er for Over. Are o'er, (આર ઓઅર) થઇ રહયું.
Loved, *v. t.* (લવ્ડ) ચાહયો.

"અરે! મારા ભાઇને મારી પાસે (પાછો) બોલાવો! હું એકલો રમી શકતો નથી; ફુલો અને મધમાખો સાથ ઉનાળો આવેછે, મારો ભાઇ કયાં ગયોછે?

"જે ફુલો હમે હમારી વાડીનાં ઝાડો આસપાસ રોપ્યાં હતાં, તે પુષ્કળ ઉગેછે; હમારો દ્રાક્ષનો વેલો તેના ભારથી ઝુમાઇ પડેછે—અરે! તેને મારી પસે પાછો બોલાવો."

"ખુબસુરત બાળક, તે તારો અવાજ સાંભળનાર નહીં! તે તારી આગળ આવનાર નહીં; જે ચેહેરો એક વખત ઉનાળા ની માફક હસતો હતો, તે (હવે) પૃથ્વિ ઉપર કદી જોનાર નહીં.

"ગુલાબનાં ફુલ જેવી એક ટુંકી ખુશાળ જીંદગી તેને આપીઆમાં આવી હતી! તેટલા માટે મારા છોકરા, તારે એકલું રમવું; તારો ભાઈ બેહેસ્તમાં છે."

"અને શું (ત્યારે) તે પોતાના પક્ષિઓ અને ફુલો મુકી ગયો કે! અને શું હું તેને ફોકટજ હાંક મારયા કરૂં છુ? અને શુ તે ઊનાળાના લાંબા લાંબા કલાકોમાં પાછો નહીં આવશે?

"અને નદી કિનારે અને મેદાનોમાં હમારૂં ફરવાનું શુ સઘળું થઈ રહયું! જયારે મારો ભાઈ મારી સાથે રમતો હતો, ત્યારે મેં તેને વધારે ચાહયો હોત તો સારૂં થાત!"

સમજણ:—*The summer, &c.*—ફુલોનું ખિલવું તથા મધમાખીઓનું ગણગણવું બન્ને ઉનાળો નજદીક આવવાની નિશાનીઓછે. *The flowers*—ફુલોની ન્હાની વાડીઓ બેડવી એ ઇંગ્રેજોનાં છોકરાંઓની એક રમતછે. *Its load*—દ્રાક્ષનો. *He would not*—એટલેકે, જો તેને બોલાવેતો. *Thou wilt*—સાદી એબારતમાં આપણે *you will* બોલીએ છીએ. *The face, &c.* આએ પૃથ્વિ ઉપર તારા ભાઇનો હસતો ચેહેરો ફરીથી કદી જોશે નહીં. *A rose's, &c.*—ગુલાબના જેવી એક ટુંકી ખુશાળ જીંદગી તેને મળી હતી. *His birds*—ઇંગ્રેજોમાં છોકરાંઓ વારેઘડીએ (કુત્રાં, સસલાં) જેવાં પ્રાંણીઓ, અને (ખબુતર, મેના) જેવાં પક્ષિઓ પાળીને પોતાને ગમત આપેછે. *And by the brook, &c.*—હવે આપણે નદી કિનારે અને મેદાનોમાં એક મિત્ર સાથે શું કદી પાછાં ફરશું નહીં? *Would I had loved him more?*—હું ઇચ્છું છું કે જયારે તે જીવતો હતો ત્યારે મેં તેને ચાહયો હતો તે કરતાં વધારે ચાહાતે.

LESSON XXVIII. (પાઠ ૨૮ મો.)

Sagacity and Fidelity of an Arabian Horse.

એક આરબ્બી ઘોડાની ચાલાકી અને નિમકહલાલી.

Sagacity, *n.* (સૅગૅસિટિ) હુશિયારી; ચાલાકી. *Sagacious,*
Fidelity, *n.* (ફાઇડેલિટિ) નિમકહલાલી. [(સૅગેશ્યસ) વિશેષણ.
Arabian, *a.* (ઍરેબ્યન) આરબ્બી.
Abuel, *n.* (અબૂઅલ્) માણસનું નામ છે. [Chief, *p.* 84.]
Tribe, *n.* (ટ્રાઇબ) જાત: *pl.* Tribes.
Attacked, *v. t.* (ઍટૅક્ડ) હુમલો કીધો.
Dispersed, *v. t.* (ડિસ્પર્સ્ડ) વિખેરી નાખ્યું.
Caravan, *n.* (કૅરૅવન) વણજાર. *Caravansary* (કૅરૅવૅન્સરિ)
Belonging to, *prep.* (બિલૉન્ગિંગ ટુ) લગતી. [ધર્મશાળા.
Damascus, *n.* (ડમૅસ્કસ) તુર્કસ્તાનનું એક પુરાતન મોટું શેહેર.
(Were)engaged, *v. t.* (એન્ગેજ્ડ) રોકાઈ હતી; કામે લાગી
Securing, *p. pr.* (સિક્યૂરિન્ગ) બચાવતાં; મેળવતાં. [હતી.
Booty, *n.* (બૂટિ) લુટ. [Turkish, *a.* (ટર્કિશ) તુર્કિ.]
Troops, *n.* (ટ્રૂપ્સ્) ફોજ; લશ્કર.
Slew, *v. t.* (સ્લ્યુ) કાપી નાખ્યા; ઠાર કીધા. *Slay* (સ્લે) વર્ત-
Rest, *n.* (રેસ્ટ) બાકીના. [માન કાળ.
Prisoners, *n.* (પ્રિઝન્ર્સ) બંદીવાનો.
Disabled, *v. t.* (ડિસ્એબલ્ડ) અશકત થયો.
Shot, *n.* (શૉટ્) ગોળી. [Arm, *n.* (આર્મ) હાથ.]
(Was) bound, *v. t.* (બાઉન્ડ) બાંધવામાં આવ્યો હતો.
Camel, *n.* (કૅમલ્) ઊંટ. *Dromedary,* (ડ્રૉમેડરિ) સાંનઢી.

Favourite, *a.* (ફેવરિટ્) વાહાલો; પ્યારો.
Was led, *v. t.* (ઉવૉઝ લેડ્) લઇ ચાલવામાં આવતો હતો.
Beside, *prep.* (બિસાઇડ) પાસે; નજદીક.
During, *prep.* (ડ્યુરિંગ) વખતે. [March, *n.* (માર્ચ) કૂચ.]
Acre, *n.* (એકર) પૅલેસ્ટાઇનનું એક બંદર, જે હાલ તુર્ક લો-
કોના હાથમાં છે.
Came on, *v. i.* પડી; થઈ. [Turks, *n.* (ટર્ક્સ) તુર્કિ લોકો.]
Pitched, *v. t.* (પિચ્ડ) મારયા. [Tents, *see p.* 84.]
Leathern, *a.* (લેધર્ન) ચામડાનો. *Leather*, (લેધર) નામ.
Strap, *n.* (સ્ટ્રૅપ) પટો. [Outside, *ad.* (આઉટ્સાઇડ્) બા-
Sleepless, *a.* (સ્લીપલેસ) ઊંઘ—નીંદ વગરનું. [હેર.
Neighing, *p. pr.* (નેઇંગ્) ખંખારતો.
Determined, *v. t.* (ડિટર્મિન્ડ) નિશ્ચય કીધો.
Release, *v. t.* (રિલીઝ) છોડવવું. [(કમ્પૅન્યન્) સોબતી;સાથી.
Ancient, *a.* (એન્શંટ્) જુનો; અસલી. [Companion, *n.*
Captivity, *n.* (કૅપ્ટીવિટિ) કેદ; બંધી.
Crept, *v. t.* (ક્રેપ્ટ) ફસડયાં મારી ચાલ્યો. *Creep*, (ક્રીપ્)
Painfully, *ad.* (પેન્ફુલિ) દુઃખદાયક રીતે. [વર્ત્તમાન કાળ.
Was tethered, *v. t.* (ઉવૉઝ ટેધર્ડ) બાંધવામાં આવ્યો હતો.
Gnawing, *p. pr.* (નૉઇંગ્) કરડીને.
Goat's, *n.* (ગોટસ્) બકરાના. [Held, *v. t.* (હેલ્ડ) પકડ્યું.]
Slave, *n.* (સ્લેવ) ગુલામ. [Return, *v. i.* (રિટર્ન) પાછું જવું.]
Knowest, *v. t.* (નોએસ્ટ) જાણેછે. એ શબ્દ ઘણું કરીને
કવિતા રૂપે વપરાયછે.
Jordan, *n.* (જૉર્ડન) નદીનું નામછે. એ નદી પૅલેસ્ટાઇનમાં
આવેલીછે, અને તે લિબેનન પર્વતમાંથી નિકળીને ડેડ—સી
માં પડેછે.

(Shalt be) refreshed, *v. t.* (રિફ્રેશ્ડ) તાજો થશે.
Coldness, *n.* (કોલ્ડનેસ) થંડક.
Grains, *n.* (ગ્રેન્ઝ્) દાણા. [Barley, *n.* (બાર્લિ) જવ.]
Curtains, *n.* (કર્ટન્ઝ્) પડદાઓ. [Lick, *v. t.* (લિક) ચાટવું.]
Little ones, ન્હાનાં છોકરાં. [Free, *a.* (ફ્રી) છુટો.]
Fled, *v.i.* (ફ્લેડ્) નાહાસી ગયો. *Fly,* (ફ્લાઇ) વર્ત્તમાન કાળ.
Instinct, *n.* (ઇન્સ્ટિંક્ટ) પ્રેરણા બુદ્ધિ.
Smelt, *v.t.* (સ્મેલ્ટ્) સુંઘ્યો. [Seized, *v.t.* (સીઝ્ડ્) પકડયો.]
Teeth, *n.* (ટીથ) દાંતો. *Tooth,* (ટુથ્) એક વચન.
Belt, *n.* (બેલ્ટ્) પટો. [Waist, *n.* (વેસ્ટ) કમ્મર.]
Camp, *n.* (કૅમ્પ) છાવની. [Bearing, *p. pr.* (બેરિંગ્) લેઇ જતાં.
Till, *ad.* (ટિલ્) જયાંસુધી.
Bore, *v. t.* (બૉર) લઈ ગયો.
Gallop, *n.* (ગૅલપ) દોડ. [Laid, *v. t.* (લેડ્) મુકયો.]
Wounded, *a.* (વુન્ડેડ) ઘાયલ થયલો.
Expired, *v. t.* (એક્સ્પાયર્ડ) મરણ પામ્યો.
Is honoured, *v. t.* (ઇઝ ઑનર્ડ) માન આપવામાં આવેછે.
Jericho, *n.* (જેરિકો) જુડીઆનું એક પુરાતન શેહેર, જે જેરૂસલમથી ૧૮ માઇલ દુરછે. હાલમાં એ પડી ભાગ્યું છે.

જે આરબ લોકોની જાતે ડમૅસ્કસની વણજાર ઉપર હુમલો કીધો હતો, અને તેને વિખરી નાખી હતી, તે જાતનો અબૂઅલ એક સરદાર હતો. પણ જયારે તે (જાત) લુટ મેળવવામાં રોકાઇ હતી, ત્યારે તુર્કિ લશ્કર તેમના ઊપર તુટી પડી ઘણાઓને કાપી નાખ્યા, અને બાકીનાઓને બંદીવાન કીધા. અબૂઅલના હાથમાં એક ગોળી લાગ્યાથી તે અશકત થઈ ગયો.

હતો, અને તેને એક ઊંટ ઊપર બાંધ્યો હતો, અને તેના પ્યારા ઘોડાને તેની નજદીક ચલાવવામાં આવતો હતો.

કેદીઓની સાથે એકર સુધી કુચ કરતાં રાત પડી; અને તુર્કિ લોકો પોતાના તંબુઓ મારી સુવા ગયા. અબૂઅલના પગ એક ચામડાંના પટાથી બાંધેલા હતા, અને તેને તેઓની ઘણો નજદીક તંબુઓની બાહેર મુકયો હતો. દુઃખને લીધે ઊંઘ ન આવવાથી તેણે પોતીકા ઘોડાને ખંખારતાં સાંભળયો, અને જો બની શકેતો પોતાના જુના સાથીને બંદીમાંથી છોડવવાને તેણે નિશ્ચય કીધો. જયાં ઘોડાને બાંધ્યો હતો ત્યાં તે દુઃખડાયક રીતે ગયો, અને બકરાના બાલના જે દોરડાંથી તેને બાંધ્યો હતો તે કરડીને, તે બોલ્યો, "જા જોકે હું એક ગુલામ છું, તોપણ તું જે તંબું જાણેછે, ત્યાં પાછો જા. હજુર તું જૉર્ડન નદીના પાણી કાપશે (પસાર કરી જશે), અને તેમની થંડકથી તાજો થશે. છોકરાંઓ પોતાના હાથમાં જે જવના દાના તારે વાસતે લાવેછે તે તું ફરીથી ખાશે. જા અને મારી બાયડીને કેહેજે, કે હું તુંને વધારે જોનાર નથી; અને (તું) તારૂં માથું પદડામાં મેળી, મારાં ન્હાનાં છોકરાંઓના હાથ ચાટજે."

તે ઘોડો છુટો થયો પણ એકલો નાહાસી ગયો નહીં. તેની પ્રેરણા બુદ્ધિથી તેણે પોતાના ધણીને સુંઘ્યો, પોતાનું માથું નીચે મુકયું, અને તેની કમ્મરની આસપાસ જે ચામડાંનો પટો હતો તે વડે તેને પોતાના દાંતથી પકડયો. આ પ્રમાણે તેને પોતાના દાંતમાં લેઇને તેણે છાવણી છોડી; અને તેને તેના તંબુના દરવાજા વેર લાવ્યો ત્યાં શુધી તે ઉભો રહયો નહીં. તે તેની છેલ્લી દોડ હતી. તેણે પોતાના ઘાયલ થયલા ધણીને નીચે મુકયો, અને

મરણ પામ્યો. તે જાત તેને માટે રડી, અને જેરિકોના સઘળા આરબો તેના નામને આજ દીન સુધી માન આપેછે.

LESSON XXIX. (પાઠ ૨૯ મો.)

We are Seven. (હુમે સાત છીએ).

Cottage, *a.* (કૉટેજ) ઝુપડાંમાં રેહેનારી.
Curl, *n.* (કર્લ) ગુચ્છા.
Clustered, *v.t.* (કલસ્ટર્ડ) ગુચ્ચરૂં થયું.[Maid,*n.* (મેડ) છોકરી.]
Wondering, *ad.* (વન્ડરિંગ્) તાજુબીથી; અજાએબીથી.
Conway, *n.* (કૉન્વે) વેલ્સમાં એક શેહેરછે.
Dwell,*v. t.*(ડ્વેલ) રહેવું.[Gone to sea. ખલાસીઓ થયાછે.]
Churchyard, *n.* (ચર્ચયાર્ડ) દેવલની અંદરની મુડદાં દાટવાની [જગ્યા.
Reply,*see p.*74. [Beneath, *prep.* (બિનીઠ) હેઠલ; નીચે.]
Run about, *v. i.* (રન અબાઉટ) ચિત્ત ઠેકાણે નથી.
Limbs, *n.* (લિમ્બ્ઝ) અવયવો.[Alive, *a.* (અલાઇવ્) ચંચળ.]
Graves, *n.* કબરો. [Green, *a.* (ગ્રીન્) લીલું (ઘાસથી).]
Steps, *n.* (સ્ટેપ્સ) પગલાં.
Stockings, *n.* (સ્ટૉકિંગ્ઝ્) મોજાં.
Knit, *v. t.* (નિટ્) ગુંથવું. [Kerchief, *n.* (કરચિફ) રૂમાલ.]
Hem, *v. t.* (હેમ) ઓટવું. [Sing, *v. i.* (સિંગ) ગાવું.]
Sunset, *n.*(સન્સેટ) સુર્યનું આથમવું. [Sir, *n.* (સર) સાહેબ.]
Porringer, *n.* (પૉરિંજર્) કાંશિયો; કટોરો. [મરી ગઇ.
Supper, *n.* (સપર) રાતનું ખાણું. [Died, *v. i.* (ડાઇડ)

Jane, *n.* (જેન્) સ્ત્રીનું નામછે. [Moaning, *ad.* (મોનિંગ્)
Lay, *v. i.* (લે) પડી હતી. [વિલાપ કરતું.
Relieved, *v. t.* (રિલીવ્ડ) છુટકો કીધો.
Went away, મરી ગઇ. [Dry, *a.* (ડ્રાઇ) વરસાદ વગરનો.]
Slide, *v. i.* (સ્લાઇડ્) સરવું.
Forced, *v. t.* (ફોર્સ્ડ) ફરજ પડી.
To go, મરવાની. [Heaven, *see p.* 95.] [Maiden, *n.* (મે-
Spirits, *n.* (સ્પિરિટ્સ્) આત્મા; જીવ. [ડન) છોકરી.
Throwing words away, બોલવું ફોકટ (હતું).
Would have her will, હટ પકડી રહી.
Nay, *ad.* (ને) નહીં; નાં.

હું એક ઝુપડીમાં રેહેનારી ન્હાની છોકરીને મળયો; તેણી-એ કહયું કે તે આઠ વર્ષનીછે; તેણીના માથાંની આસપાસ વાળના ઘણાએક ગુચ્છા જે એકઠા થયા હતા, તેથી તે જાદા દીસતા હતા.

"ન્હાની છોકરી બેહેનો અને ભાઇઓ મળીને તમે કેટલાં છો?" તેણીએ કહયું, "કેટલાં? સઘળાં મળીને સાત," અને મારી તરફ અચરત થઇને જોવા લાગી.

"મેહેરબાની કરી મને કહો કે તેઓ કયાંછે?" તેણીએ ઉત્તર વાળયો, "હમે સાત છીએ; અને હમારાંમાંના બે જણાઓ કૉન્ઉવેમાં રેહેછે, અને બે ખલાસીઓ થયાછે.

"હમારાંમાંના બે ઘોરમાં સુતાંછે; મારી બેહેન અને મારો ભાઇ; અને તેઓની નજદીક હું મારી મા સાથે ઘોર આગળના ઝુપડાંમાં રહુંછું."

"તમે કહોછો કે બે જણાઓ કૉન્ઉવેમાં રેહેછે, અને બે ખલાસીઓ થયાછે, તોપણ તમે સાત છો; પ્યારી છોકરી મેહે-રબાની કરીને કહો કે એ કેમ થાય."

ત્યારે તે ન્હાની છોકરી એ જવાબ દીધો, "છોકરાઓ અને છોકરીઓ મળી અમે સાત છીએ; હમારાંમાંના બે જણાઓ ઘોર (આગળ) નાં ઝાડ હેઠલ ઘોરમાં સુતાંછે."

"મારી ન્હાની છોકરી, તમારૂં ચિત્ત બરોબર નથી; તમારા અવયવો ચાલાકછે; અગર જો બે જણાઓ ઘોરમાં સુતાં હોય, ત્યારે તો તમો માત્ર પાંચજ છો."

તે ન્હાની છોકરીએ જવાબ આપ્યો, "તેઓની ઘોર લીલી છે, તેઓ નજરે પડી શકેછે, મારી માના દરવાજા આગળથી બાર અથવા કાંઇ વધારે પગલાંને અંતરે તેઓ પાસે પાસેછે.

"હું વારેઘડીએ મારાં મોજાં ત્યાં ગુંથુંછું, મારો રૂમાલ ત્યાં ઓટુંછું; અને ત્યાં હું જમીન ઉપર બેસુંછું,—અને બેસીને તેઓની સ્તુતી ગાંઉછું.

"અને સાહેબ, વારેઘડીએ સુર્ય અસ્ત પામ્યા પછી, જયારે અજવાલું અને હવા ખુશનુમાં હોયછે, ત્યારે હું મારો ન્હાનો કાંશિયો લેઇ જાંઉછું, અને ત્યાં મારૂં રાતનું ખાણું ખાઉંછું.

"પેહેલી જે મરણ પામી તે ન્હાની જેન હતી, જયાં સુધી ખોદાએ દુ:ખમાંથી તેણીનો છુટકારો કીધો, ત્યાંસુધી ખાટલા ઉપર તે વિલાપ કરતી પડી રહી, અને ત્યાર પછી મરી ગઇ."

"એટલા ઉપરથી તેણીને ઘોરમાં દાટી, અને મેં અને મારા ભાઇ જૉને બન્ને સાથે (મળી) આખો વગર વરસાદનો ઉનાળો તેણીની ઘોરની આસપાસ રમતમાં ગુજારયો."

"અને જયારે જમીન બરફથી સફેદ થઇ, અને હું દોડી અને સરી શકતી હતી, ત્યારે મારા ભાઇ જૉનને (મરી) જવાની ફરજ પડી, અને તે તેણીની બાજુએ પડેલોછે."

મેં કહ્યું કે, "અગર જો તેઓ બન્ને જણા બેહેસ્તમાં ગયાં, તો ત્યારે હવે તમે કેટલાં છો?" તે ન્હાની છેકરીએ જવાબ દીધો, "અરે સાહેબ! હમે સાત છિએ."

"પણ તેઓ મરણ પાંમ્યાંછે, તેઓ બન્ને મરી ગયાંછે, તેઓનો જીવ બેહેસ્તમાંછે." એ બોલવું ફોકટજ હતું; કારણ કે તે ન્હાની છોકરી હજુર સુધી પોતાનીજ હટ (મરજી) પકડી રહી, અને બોલી કે, "હમે સાત છિએ."

LESSON XXX. (પાઠ ૩૦ મો.)

Excellent, *a.* (એક્સેલન્ટ્) સરસ; ઉત્તમ.
Knowledge, *n.* (નોલેજ) વિદ્યા; જ્ઞાન.
Sharp-looking, *a.* (શાર્પ-લૂકિંગ્) ચંચળ દેખાવનો.
Bustling, *a.* (બસ્લિંગ્) ધામધુમ્યો; ગડબડયો.
Older, *a.* (ઓલ્ડર) વધારે ઉમરે.પોંહોંચેલો.
Himself, *pron.* (હિમ્સેલ્ફ) પોતે. [Repeated, ફરીથી બોલ્યો.]
Can talk, *v. i.* (કૅન ટૉક) વાત કરી શકેછે.
Subject, *p.* 45. [A great deal, (એ ગ્રેટ ડીલ) ઘણીજ.]
Wiser, *a.* (ઉવાઇઝર) વધારે ડાહ્યું.
Everybody, *n.* (એર્વિબડિ) દરેક જણ.
Gravely, *ad* (ગ્રેવ્લિ) ગંભીરાઇથી.
Depends, *v. i.* (ડિપેન્ડઝ્) આધાર રાખેછે.
Entirely, *ad.* (એન્ટાયર્લિ) તદન; તમામ.
(Is) applied, *v. t.* (ઍપ્લાઇડ્) લાગુપાડવામાં આવેછે.
Blessing, *n.* (બ્લેસિંગ્) કલ્યાણ; સુખ.
Curse, *n.* (કર્સ) બદ દુઆ; દુઃખ. [શક્તિ.
Increase, *n.* (ઇન્ક્રીઝ્) વધારો. [Power, *n.* (પાઉઅર)

Understand, *v. t.* (અન્ડરસ્ટેન્ડ) સમજવું.
Meekly, *ad.* (મીકલિ) નરમાસથી; નમ્રતાઇથી.
Restraint, *n.* (રિસ્ટ્રેન્ટ્) અંકોસ; દબાણ.
Animal, *p.* 40. [Bearing, *see p.* 99.]
Burdens, *n.* (બર્ડન્ઝ) બોજા.
Drawing, *p.pr.* (ડ્રાઇંગ) ખેચતાં.[Loads, *n.* (લોડઝ) બોજા.]
Breaks, *see p.* 26. [Bridle, *n.* (બ્રાઇડલ) લગામ.]
Dashes, *v. t.* (ડૅશિઝ) પડકેછે; અફાડેછે.
Carriage, *n.* (કૅરિએજ) ગાડી. [Pieces, *n.* (પીસિસ) કકડા.]
Rider, *n.* (રાઇડર) સ્વાર. [Pond, *n* (પૉન્ડ્) તલાવ.]
Properly, *ad.* (પ્રૅાપર્લિ) બરોબર રીતે.
(Is) conducted, *v. t.* (કન્ડક્ટેડ્) લેઇ જવામાં આવેછ.
Trenches, *n.* (ટ્રેન્ચિઝ) ખાઇઓ; ચરો.
Fields, *n.* (ફીલ્ડઝ) ખેતરો. [Fertile, *a.* (ફર્ટિલ) ફલદ્રુપ.]
Bursts, *v. t.* (બરર્ટ્સ) ફાટેછે. [Banks, *n.* (બૅન્કસ્)કિનારા.]
Sweeps, *v. i.* (સ્વીપસ) ઘસડી જાયછે.
Destroys, *v. t.* (ડિસ્ટ્રૉયઝ) નાશ-ખુવારી કરેછે.
Steered,*p.* 21. [Aright, *ad.* (અરાઇટ્) સિધું; બરોબર.]
Hoists, *see p.* 21. [Sooner, *ad.* (સૂનર) વધારે જલદી.]
Port, *n.* (પૉર્ટ) બંદર. [Further, *ad.* (ફર્ધર) વધારે દૂર.]
Clearly, *ad.* (કલીયર્લિ) બરોબર રીતે; સારી પેઠે.
Continued, *v. t.* (કન્ટીન્યુડ) જારી રાખ્યું; બોલ્યો.
Rightly, *ad.* (રાઇટ્લિ) બરોબર રીતે. (*Wrongly*) નું ઉલટું.
Grace, *see p.* 35. [(Will) render, *v. t.* (રેન્ડર) કરશે.]
Better, *a.* (બેટર) વધારે સારૂં. (એથી ઉલટું) Worse

એક ચંચળ દેખાવનાં ધામધુમ્યા ન્હાનાં માણસે પોતાના કરતાં એક વધારે ઉમરે પોંહોંચેલો હતો તેને કહ્યું, "વિદ્યા એ કેવી ઉત્તમ ચીજછે!" તે ફરીથી બોલ્યો, "વિદ્યા એ ઉત્તમ ચીજછે; હું બાર વર્ષનો હતો ત્યારે જેટલું જાણતો હતો તેના કરતાં મારા છ અને સાત વર્ષના છોકરાઓ વધારે જાણે છે. તેઓએ સઘળી જાતની ચીજો વિષે સાંભળ્યુંછે, અને (તેઓ) સઘળી જાતની બાબદો વિષે વાત કરી શકેછે. દુન્યાં હતી તે કરતાં ઘણીજ વધારે ડાહી થઇછે. હમણા દરેક જણ દરેક વસ્તુ વિષે થોડું ઘણું જાણેછે. સાહેબ, શું તમો નથી ધારતા કે વિદ્યા એ ઉત્તમ ચીજછે?"

તે ઘરડા માણસે ગંભીર દેખાવથી જવાબ દીધો કે, "કેમ સાહેબ, તે તો જે ઉપયોગમાં તેને લગાડવામાં આવેછે તે ઉપર તમામ આધાર રાખેછે. તે (વિદ્યા) સારી અથવા નરસી પણ હોય. વિદ્યા એ માત્ર શકિતનો વધારોછે, અને શકિત જેમ સારી તેમજ ખરાબ ચીજ પણ હોય."

તે ગડબડયા ન્હાનાં માણસે કહ્યું કે, "જે હું સમજી શકતો નથી તેજ એ. શકિત એ ખરાબ ચીજ કેમ થાય?"

તે બુઢા માણસે નમ્રતાઇથી ઉત્તર આપ્યો, "હું તમુને કહુંછું," અને આ પ્રમાણે (આગળ) બોલ્યો. "જયારે એક ઘોડાની શકિત અંકોસમાં હોયછે, ત્યારે તે જાનવર બોજા ઊંચકી અથવા ખેંચી જવાને, અને પોતીકા ધણીને લેઇ જવાને ઉપયોગીછે; પણ જયારે તે અંકોસ કાહાડી નાખવામાં આવેછે, ત્યારે તે ઘોડો તેની લગામ તોડી નાખેછે, ગાડીના કકડે કકડા કરી નાખેછે, અથવા પોતીકા સ્વારને નાખી દેછે."

તે ન્હાના માણસે કહ્યું, "હું સમજયો! હું સમજયો!"

"જયારે એક મોટા તળાવનું પાણી સરોથી બરોબર રીતે

લેઇ જવામાં આવેછે, ત્યારે તે આસપાસના ખેતરોને ફલદ્રૂપ કરેછે; પણ જયારે તે (તળાવના) કિનારા ફાડીને બાહેર નિકળે છે, ત્યારે તે પોતાની આગળની સઘળી ચીજો ઘસડી જાયછે, અને ખેતરની પેદાસની ખુવારી કરેછે."

"હું સમજયો! હું સમજયો! તે ન્હાનાં માણસે કહયું, "હું સમજયો!"

"જયારે એક વાહાણને સિધે માર્ગે હંકારવામાં આવેછે, ત્યારે જે સઢ ચઢાવેલા હોયછે, તે તેને જલદીથી બંદરમાં લેઇ જવાને શક્તિવાન કરેછે; પણ જો તેને આડે માર્ગે હંકારયું હોય, તો જેમ તેને વધારે સઢ હોય તેમ પોતાના રસ્તાથી વધારે બાહેર જશે."

"હું સમજયો! હું સમજયો!" તે ન્હાનાં માણસે કહયું, "હું સારી પેઠે સમજયો!"

તે ઘરડો માણસ બોલ્યો, "વારૂ ત્યારે, જયારે તમે આએ વાતો આવી સારી રીતે સમજોછો, ત્યારે હું આશા રાખુંછું કે વિદયા એક સારી ચીજ થવાને (તેને) બરાબર રીતે કામે લગાડવી જોઇએ, એ પણ તમે સમજી સકશો. દીલમાં ખોદાની મેહેરબાની હશેતો મગજનું ગ્નાન એ લાભકારક ચીજ થશે; પણ એ વતરોગે તો તે આપણને દુ:ખ કરતાં કાંઈ વધારે સારૂં થવાનું નથી!"

"હું સમજયો! હું સમજયો!" તે ન્હાનાં માણસે કહયું, "હું સમજયો!"

LESSON XXXI. (પાઠ ૩૧ મો.)

A Wasp and a Bee. (**ભમરો અને મધમાખ.**)

Wasp, *n.* (ઉવૉસ્પ) ભમરો. [Buzzing, *see p.* 38.]

Cousin, *n.* (કઝિન્) પીતરેણ બેહેન. [Back, *p.* 29.]
Shines, *p.* 23. [Bright, *a.* (બ્રાઇટ) ચળકતું.]
Yellow, *see p.* 62. [Shape, *see p.* 4.]
Elegant, *a.* (એલિગન્ટ) ખુબસુરત; શોભિતું.
Behold, *v. i.* (બિહોલ્ડ) જોવું. *Beheld*, (બિહેલ્ડ) ભૂત્તકાળ.
Mischief, *n.* (મિસ્ચિફ) મસ્તી. *Mischievous*, (મિસ્ચિવસ્) [વિશેષણ.
Boast, *v. t.* (બોસ્ટ) મગરૂર થવું.
Delicate, *a.* (ડેલિકેટ્) નાજુક.
Perfectly, *ad.* (પરફેક્ટલિ) પૂર્ણ રીતે. [Handsome, *p.* 3.]
Put up with, ખમવું; સોસવું. [Sting, *p.* 37.]
Homely, *a.* (હોમ્લિ) સાદું. [Angry, *see p.* 78.]
Useful, *p.* 80. [Innocent, *p.* 44.]
Ill-natured, *a.* (ઇલ-નેચર્ડ) ખરાબ સ્વભાવનું.
They're for they are; તેઓછે. [Fair, *see p.* 95.]

એક મધમાખ જે પાસેથી ગુણ ગુણ કરતી જતી હતી, તેને એક ભમરો મળ્યો, અને તેને કહ્યું, "ન્હાની પીતરેણ બેહેન, તમુને મારા કરતાં લોકો એટલા બધા વધારે શા માટે ચાહે છે તે તમે મને કહી શકશો ?

"મારી પીઠ સોનાની માફક ચળકતી તથા પિળા રંગનીછે, અને મારો ચેહેરો પણ જોવામાં ઘણોજ ખુબસુરતછે, તોપણ તે સારૂં કોઈ મને ચાહાતું નથી એમ હું જાણુંછું."

તે મધમાખે કહ્યું, "અરે! દોસ્ત, (તમે કહોછો તે) સઘળું ખરૂંછે, પણ જો હું (તમારા કરતાં) અડધી ખરાબી કરતી હોઉં તો, લોકો તમારાં કરતાં મને વધારે ચાહાનાર નથી.

"તમે તમારા સુંદર ચેહેરાની અને નાજુક પાંખોની બડાઈ

કરી શકો; તમે પુરતી રીતે ખુબસુરત છેઓ તો ખરા, તો પણ (તમારી પાસે) એક ચીજછે, જે ખમી શકાય એવી નથી— અને તે તમારો ડંખછે.

"મારો પોશાક જેમ તમે જુઓછો તેમ તદન વગર ભપકાનો અને સાદોછે, તોપણ કોઇખી મારી સાથે કદી ગુસ્સે થતું નથી,—કારણકે હું એક ઉપયોગી અને ગરીબ મધમાખછું."

આ ન્હાની વાત ઉપરથી લોકોએ સાવધ રેહેવું, કારણ કે ભમરાની માફક જો તેઓ ખરાબ ટેવના હશે તો, ગમે એવા તેઓ ખુબસુરત હશે, તોપણ કોઇ પણ તેઓને કદી ચાહાશે નહીં.

LESSON XXXII. (પાઠ ૩૨ મો.)

Air. (હુવા.)

Winds, *v. t.* (ઉવાંઇન્ડઝ) ચાલેછે; ફુકેછે.
Spread, *p. p.* (સ્પ્રેડ) પંથરાયલું.
Covering, *n.* (કવરિંગ) ઢાંકણ.
Corner, *n.* (કૉર્નર) ખુણું. [Crevice, *n.* (ક્રેવિસ) ફાટ; ચિરો.]
'Tis, (ટિઝ) It is એ શબ્દોને જોવતમાં લખ્યાછે.
Wonderful, *a.* (ઉંવન્ડર્ફુલ) અજાયબ જેવી. [Fluid, *p.* 82.]
Still, *a.* (સ્ટિલ) શાંત. [Evening, *n.* (ઇવિનીંગ) સાંજ.]
Peaceful, *ad.* (પીસ્ફુલ) ધીમે ધીમે.
Floats, *v. i.* (ફ્લોટસ) તરેછે; ફુકેછે.
Leaf, *see p.* 85. [Moves, *v. i.* (મૂવ્ઝ) હિલેછે.]
Spray *n.* (સ્પ્રે) ડાંખળી; ડાળી.
Nightingale's, *n.* (નાઇટિન્ગેલ્ઝ) બુલબુલ પક્ષિનો.
Notes, *p.* 11. [Voice, *n.* (વૉઇસ) અવાજ; હલક.]

Cricket, *n.* (ક્રિકેટ્) ઝીંગુર; ન્હાનું ચિંન ચિંન કરતું પ્રાણી.
Gay, *a.* (ગે) આનંદી. [Oft, *ad.* (ઑફ્ટ) વારેઘડીએ.]
Winter, *n.* (ઉવિન્ટર) શિયાળો. *Wintry,* (ઉવિન્ટ્રિ) વિશેષણ.
Bellows, *v. i.* (બૅલોઝ) ફુંકેછે.
Aloud, *ad.* (અલાઉડ) મોટે સાદે.
Northerly, *a.* (નૉર્ધરલિ) ઉત્તર તરફનું.
Blast, *n.* (બ્લાસ્ટ) પવનનો ઝપાટો.
Fury, *n.* (ફ્યૂરિ) જોસ. *Furious* (ફ્યૂરિઅસ) વિશેષણ.
Drives, *v. t.* (ડ્રાઇવઝ) ધસડી જાયછે. *Driver,* ગાડીવાન.
Snowy, *a.* (સ્નોઈ) બરફ જેવું સફેદ. [Cloud, *n.* (કલાઉદ)
Cracks, *v. t.* (ક્રૅક્સ) ભાગેછે. [વાડળ.
Tapering, *a.* (ટેપરિંગ) અણીદાર. [Mast, *n.* (માસ્ટ) ડોલ
Lurks, *v. i.* (લર્ક્સ) સંતાએછે; ભરાઇ રહેછે. [વાહાણનો.
Smothered, *p. p.* (સ્મધર્ડ) ધુંધવાતો.
Gnaws, *v. i.* (નૉઝ) પેવસ થાયછે; સળગી ઊઠેછે.
Forces, *v. t.* (ફૉર્સિઝ) જોર કરેછે.
Fiercer, *a.* (ફીયર્સર) વધારે જડપથી-જોસથી. [ફોકટ.
Glow, *v. i.* (ગ્લો) બળવું; સળગવું. [Vainly, *ad.* (વેન્લિ)
Engines, *n.* (એન્જિન્ઝ) બંબા.
Torrent, *n.* (ટૉરન્ટ) પાણીનો ધોડ.
Stream, *v. t.* (સ્ટ્રીમ) રેડવું; મારવું.
Violence, *n.* (વાયોલન્સ) જોસ; જોર. [મુત; મક્મ.
Tears, *v. t.* (ટેર્ઝ) ફાડી નાખેછે. [Sturdy, *a.* (સ્ટર્ડિ)મજ-
Tempest, *n.* (ટેમ્પેસ્ટ) તુફાન.
(Has) known, *v. t.* (નોન્) પામ્યુંછે.

Wrath, *n.* (રૉઠ) ગુસ્સો. [Tall, *a.* (ટૉલ) ઊંચું.]
Pine, *n.* (પાંઇન) સનોબરનું ઝાડ.
Splinters, *n.* (સ્પ્લિન્ટર્ઝ) કકડે કકડા; ચુરે ચુરા.
Precipice, *n.* (પ્રેસિપિસ) ઉભી ટેકડી.
Blown, *p. p.* (બ્લોન) ફૂંકયું; ઊરાડી નાખ્યું.
Rages, *v. i.* (રેજિઝ) જોસથી ફુંકેછે—ગુસ્સે થાયછે.
Wild, *a.* (ઉવાઇલ્ડ) બેહદ; અતિશય.
Assistance, *n.* (ઍસીસ્ટંસ) મદદ; આધાર; હાજરી.
Tenderest, *a.* (ટેન્ડરેસ્ટ) ઘણુંજ નાજુક.
Child, *n.* (ચાઇલ્ડ) બચ્ચું.
Struggle, *v. i.* (સ્ટ્રગલ) તડફડયાં મારવાં.
Gasp, *v. i.* (ગૅસ્પ) ગુંગળાવું. [Expire, *see p.* 99.]
Pure, *p.* 22. [Pressing, *p. p.* (પ્રેસિંગ) દબાતાં; જોસકરતાં.]
Curious, *a.* (કયુરિઅસ) અજાયબ જેવી.
Clay, (કલે) માટી. [Bodies, *n.* (બાડિઝ) શરીરો.]
Bosom, *n.* (બૂઝમ) છાતી. [Cease, *see p.* 34.]
Crumble, *v. i.* (ક્રંબલ) ભુકો થવો. [Dust, *n.* (ડસ્ટ) ધુળ.]

એક સુંદર ઢાંકણની મિસાલે પંથરાએલું છે, અને જે પૃથ્વિ ઉપર ફુંકેછે તે શું છે? તે દરેક ન્હાનાં ખુણા અને ફાટમાં ગુચર વળેછે; આએ અજાયબ જેવો પ્રવાહી પદાર્થ હવાછે.

ઉનાળાની શાંત સાંજના કે જયારે (ઝાડની) ડાળીપરનું એક પણ પાંદડું હીલતું નથી, અને બુલબુલ પક્ષીના રાગ અથવા ક્રિકેટ પક્ષીના આનંદ ખુશનુમાં હલક સિવાય બિજો

કોઈ પણ સાદ સંભાળાતો નથી, ત્યારે તે કેવી સ્થિર રીતે (ફુકેછે) તરેછે.

પણ શિયાળામાં તે વારે ઘડીએ મોટેથી પોકારેછે, અને ઉત્તાર તરફના સપાટા સાથ આવીને ગાજેછે; તે બરફ જેવાં ચલકતાં વાદળાંને જોસથી આગળ હાંકી લઈ જાયછે, અને વાહાણના અણીવાળા ડોલને કડાકા સાથ ભાંગી નાખેછે.

જ્યારે આતશ અડધો ધુંધવાતો ભરાઈ રેહેછે અથવા ભારવટિયાંમાં પેવશ થાયછે, ત્યારે હવા તેને વધારે જલદીથી બળવાને જોર કરેછે; અને અગરજો પવન જોરથી ફુકતો હોય તો, બંબા ફોકટ (તેઓના) પાણીના ધોધ રેડયા કરવાના.

તે મજબુત ઓકનું ઝાડ જેણે જંગલમાં ઘણાએક તુફાનો અમેલાંછે, તેને ફાડી નાખેછે; તેના ગુસ્સા (ઝપાટા) થી ઊંચાં સનોબરનાં ઝાડનાં કકડે કકડા થઈ જાયછે, અને ઊભી ટેકડી ઉપર (ઊડી) જઈ પડેછે.

અને જોકે તે આવા અતિશય જોસથી નક્કર જમીન, પાણી, અને આતશ ઉપર ફુકેછે, તોપણ તેના આધાર વગર સર્વથી નાજુક બાળક તડફડી, ગુંગલાઈ, મરણ પામવાનું.

સ્વચ્છ હવા અજાયબ જેવી માટીમાં (જોસથી) પેવશ થઇને પેહેલ વેહેલે (તેણે) આપણા શરીરોને જીવ આપ્યો; અને જયારે તે છાતીમાં (ફરતી) રમતી બંધ થાયછે, ત્યારે આપણ પાછા માટીમાં મળી જઇએ છીએ.

સમાપ્ત.